# બિનસરકારી અનુદાનિત (શિક્ષણ અને કાયદા વિદ્યાશાખા)ની કોલેજો ખાતે "અધ્યાપક સહાયક" ની ખાલી જગ્યાઓ માટે અંગ્રેજી મેથડ અને મેથ્સ/સાયન્સ મેથડ ના ઈન્ટરવ્યુ સ્થગિત કરવા બાબત

## પબ્લિક નોટીસ

તા. ૧૨-૦૬-૨૦૧૯

બિનસરકારી અનુદાનિત (શિક્ષણ અને કાયદા વિદ્યાશાખા)ની કોલેજો ખાતે "અધ્યાપક સહાયક" ની ખાલી જગ્યાઓ માટે અંગ્રેજી મેથડના ઈન્ટરવ્યુ તા. ૧૩-૦૬-૨૦૧૯ અને મેથ્સ/સાયન્સ મેથડના ઈન્ટરવ્યુ તા. ૧૪-૦૬-૨૦૧૯ ના રોજ કેસીજી, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા વિસ્તારમાં "વાયુ વાવાઝોડા"ની ભીતિ હોવાના કારણે આ વિસ્તારની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા. ૧૩-૧૪/૦૬/૨૦૧૯ બન્ને દિવસોએ રજા જાહેર કરવામાં આવેલ છે. તેથી ઉક્ત ઈન્ટરવ્યુ સદરહુ પરીસ્થિતિના કારણે સ્થગિત કરવામાં આવે છે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

ઉક્ત વિષયના ઈન્ટરવ્યુ હવે પછી તુરંત નીચે મુજબની તારીખ અને સમયે આયોજિત કરવામાં આવશે.

| ક્રમ | વિદ્યાશાખા | વિષય | તારીખ અને સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | બી.એડ. | અંગ્રેજી મેથડ | તા. ૧૭-૦૬-૨૦૧૯<br>સોમવાર<br>સમય: સવારે ૦૮.૩૦ કલાક | નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત,<br>પી.આર.એલ.ની સામે,<br>નવરંગપુરા, અમદાવાદ |
| ૨ | બી.એડ. | મેથ્સ/સાયન્સ મેથડ | તા. ૧૮-૦૬-૨૦૧૯<br>મંગળવાર<br>સમય: સવારે ૦૮.૩૦ કલાક | |

ઉક્ત વિષયોના ઉમેદવારોને પોતાના વિષય અનુસાર ઉક્ત દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે અચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. ઉપસ્થિત ના રહેનાર ઉમેદવાર પોતાની તક ગુમાવશે. તેની સઘળી જવાબદારી ઉમેદવારની રહેશે, તેની ખાસ નોંધ લેવી.

પ્રો. એ. યુ. પટેલ, 12-6-19
એડવાઇઝર, કેસીજી
ચેરમેન, બી.એડ./લો કમિટી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી